dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
April 2009 For private circulation only Vol. 01 - Issue 07

Our universities are sleeping giants. Awakened, they can make a vast difference in transforming our society and bringing it to the twenty-first century... this can happen, when there is an academic, political and administrative will to change the present structure of the system and see education as an investment and not as an expenditure.

Dr. A. S. Desai
(A. D. Shroff Memorial Lecture)

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

ઉચ્ચ શિક્ષણને યોગ્ય દિશા મળી રહે તે હેતુથી સૌ પ્રથમ ૧૯૪૮-૪૯માં ''યુનિવર્સિટી એજયુકેશન કમિશન'' - રાધાકૃષ્ણન કમિશનની નિયુકિત થઈ. આ કમિશને તેના અહેવાલમાં ઉચ્ચ શિક્ષણની દિશા સ્પષ્ટ કરી. ''શિક્ષણને જીવન સાથે, લોકોની અપેક્ષા પરિપૂર્ણ કરે તે રીતે જોડીને તાકીદના અગત્યના આમૂલ ફેરફારો કરવાની જરૂરિયાત છે, જેથી શિક્ષણ દ્વારા આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક ફેરફારો આણી શકાય. જેનાથી રાષ્ટ્રીય ધ્યેયો હાંસલ કરી શકાય. આ માટે શિક્ષણને એવી રીતે વિકસાવવું કે જેનાથી ઉત્પાદકતામાં વૃધ્ધિ થાય, સામાજિક તથા રાષ્ટ્રીય એકતા સધાય, આધુનિકીકરણની પ્રક્રિયા ઝડપી બને તથા સામાજિક, નૈતિક તથા આધ્યાત્મિક મૂલ્યો સંવર્ધિત બને.'' ત્યારબાદ એજયુકેશન કમિશન-૧૯૪૬-૬૬ જે કોઠારી કમિશન તરીકે પ્રસિધ્ધ છે. જેના અહેવાલ થકી ઉચ્ચ શિક્ષણના ધ્યેયોનું વધારે સ્પષ્ટીકરણ થયું. આ બે અહેવાલોની ફલશ્રૂતિ રૂપે ૧૯૮૬માં નેશનલ પોલિસી ઓન હાયર એજયુકેશન ઘડવામાં આવી. જેમાં ઉચ્ચ શિક્ષણના પાંચ મુખ્ય ધ્યેયો સ્પષ્ટ કરવામાં આવ્યા- ઉચ્ચ શિક્ષણની વધુ સુલભતા (Greater Access), સમાન સુલભતા (Equal Access or Equity), ગુણવત્તા અને ઉત્કૃષ્ટતા (Quality and Excellence), સુસંગતતા (Relevance) અને સામાજિક મૂલ્યોમાં વધારો (Promotion of Social Values). આ ધ્યેયો હાંસલ કરવા માટે ૧૯૯૨માં એકશન પ્લાન ઘડવામાં આવ્યો અને તે મુજબ જુદી જુદી પંચવર્ષીય યોજનાઓમાં નીતિ વિષયક બાબતો ઘડવામાં આવી. હાલની અગીયારમી પંચવર્ષીય યોજના પણ પ્રથમ ત્રણ બાબતોને ધ્યાનમાં રાખી ઘડવામાં આવી છે.

ઉચ્ચ શિક્ષણનો વધુ પ્રસાર (Access) થાય તે હેતુથી ૧૯૫૦થી પ્રયત્નો થઈ રહયા છે. વર્ષ ૧૯૫૦માં ભારતમાં ૨૫ યુનિવર્સિટીઓ હતી જે વધીને ૪૩૧ થઈ છે. ૭૦૦ કોલેજોની સંખ્યા વધીને ૨૦,૬૭૭ થઈ છે. અધ્યાપકોની સંખ્યા ૧૫,૦૦૦ હતી જે ૫.૦૫ લાખ જેટલી થઈ છે. ૧૯૫૦માં એક લાખ વિધાર્થીઓ ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા હતા, જે આજે વધીને ૧૧૬.૧૨ લાખ જેટલા થયા છે. સપ્ટેમ્બર-૨૦૦૮ના આંકડા મુજબ ૪૩૧ યુનિવર્સિટીઓ પૈકી ૨૫ સેન્ટ્રલ યુનિવર્સિટીઓ, ૨૩૦ રાજય યુનિવર્સિટીઓ, ૧૧૩ ડીમ્ડ યુનિવર્સિટીઓ, રાષ્ટ્રીય મહત્ત્વની ૫ રાજયની સંસ્થાઓ તથા ૩૩ કેન્દ્રીય સંસ્થાઓ તથા ૨૮ પ્રાઈવેટ યુનિવર્સિટીઓ છે. એકંદરે વ્યાપમાં નોંધપાત્ર વધારો થયો છે.

માત્ર સંસ્થાઓની સંખ્યામાં થયેલ વૃધ્ધિ એ વ્યાપનું સાચું ચિત્ર રજૂ કરતું નથી. ઉચ્ચ શિક્ષણના વ્યાપનું યોગ્ય માપદંડ ગ્રોસ એનરોલમેન્ટ ગુણોત્તર છે. જે ૧૮થી ૨૩ વર્ષની કુલ જનસંખ્યા અને ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા વચ્ચેનો ગુણોત્તર દર્શાવે છે. વૈશ્વિક સ્તરે વિકસીત દેશોમાં આ ગુણોત્તર ૫૪.૬ છે. જયારે વિકસતા દેશોમાં આ પ્રમાણ ૩૬.૫નું છે. સમગ્ર વિશ્વની સરેરાશ ૨૩.૨ની છે. આ ગુણોત્તર ભારત માટે ૧૦.૮૪ છે. ગ્રામ્ય અને શહેરી જનસંખ્યામાં આ પ્રમાણ અનુક્રમે ૬.૭૪ તથા ૧૯.૮૮ છે. ગ્રામ્ય વિસ્તારોમાં હજુ ઘણું કરવાનું છે તે આ બાબતથી સ્પષ્ટ થાય છે. પુરૂષો અને સ્ત્રીઓ વચ્ચે આ પ્રમાણ અનુક્રમે ૧૨.૪૨ અને ૯.૧૧ છે. સામજિક જૂથો મુજબ આ પ્રમાણ અનુસૂચિત જનજાતિમાં ૬.૫૭, અનુસૂચિત જાતિમાં ૬.૫૨, અન્ય પછાત વર્ગ-ઓબીસીમાં ૮.૭૭ તથા ઓપન કેટેગરીમાં ૧૭.૨૨ છે. રાજયવાર આ આંકડા તપાસીએ તો ૧૯.૦૩ના ગુણોત્તર સાથે નાગાલેન્ડ પ્રથમ ક્રમે, ૧૮.૪૬ના ગુણોત્તરથી કેરળ બીજા ક્રમે, ત્રીજા ક્રમે પૉંડિચેરી (૧૭.૩૯), હિમાચલ પ્રદેશ ચોથા ક્રમે (૧૭.૧૨), તથા ઉત્તરાંચલ (૧૬.૪૯) સાથે પાંચમા ક્રમે છે.

ગુજરાતના પાડોશી રાજયો મહારાષ્ટ્ર ૧૩.૧૪ના દરથી દસમા ક્રમે છે, રાજસ્થાન તેવીસમા ક્રમે (૭.૩) છે. મધ્ય પ્રદેશ બાવીસમા ક્રમે (૭.૪૬) છે. ઉપરોકત આંકડાઓ દર્શાવે છે કે સુલભતાના દ્રષ્ટિકોણથી ઉચ્ચ શિક્ષણના વ્યાપ વધારાની ખૂબ મોકળાશ છે. ધાર્મિક જૂથોના આંકડાઓ તપાસીએ તો હિન્દુઓમાં આ પ્રમાણ (૧૧.૯), મુસ્લિમ જૂથમાં (૬.૮૪), ક્રિશ્ચિયન જૂથમાં (૧૬.૬૮), શીખ (૧૨.૦) તથા અન્ય ધાર્મિક જૂથોમાં આ પ્રમાણ (૧૫.૪) છે. સૌથી ઓછું પ્રમાણ મુસ્લિમ ધર્મ ૧૮થી ૨૩ વર્ષમાં વય જૂથની જન સંખ્યા છે. જુદા જુદા ધર્મની બહેનોમાં આ પ્રમાણ જોઈએ તો મુસ્લિમમાં સૌથી ઓછું (૫.૮), હિન્દુ (૯.૩૨), શીખ (૧૨.૭) તથા ક્રિશ્ચિયન (૧૬.૦) નું છે. આ આંકડાઓ સ્પષ્ટ કરે છે કે સમગ્ર દેશમાં ગ્રોસ એનરોલમેન્ટ દર ઊંચે લઈ જવા વિશિષ્ટ પ્રયત્નો જરૂરી છે, જેથી જુદા જુદા પ્રદેશો, જ્ઞાતિઓ, જાતિઓ વિગેરેમાં આ પ્રમાણ સમતુલિત કરી શકાય. આ માટે સર્વ સમાવિષ્ટ (Inclusive) પગલાં ભરી અનુસૂચિત જાતિ, જન જાતિ, મહિલાઓ, મુસ્લિમો વિગેરેમાં વધુ વ્યાપકતા લાવવી જરૂરી છે. ઉચ્ચ શિક્ષણની યથાર્થતાનું મૂલ્યાંકન કરવાનું બીજું પરિમાણ ગુણવત્તા તથા ઉત્કૃષ્ટતા છે. ગુણવત્તાનો સંબંધ ભૌતિક સુવિધાઓ તથા માનવીય સંપદામાં કરાયેલ રોકાણ, અધ્યાપકો, વિદ્યાર્થીઓની સંખ્યા તથા વહીવટીય કુશળતા, અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયા અને સંસ્થાનું કદ, અધ્યાપકોની ગુણવત્તા તથા સંશોધનની ક્ષમતા, પુસ્તકાલયોની સુવિધા જેવી બાબતો સાથેનો છે.

ખૌમર અને સિન્હા દ્વારા નેક દ્વારા એક્રિડિટેશન મેળવેલ ૧૧૧ (A ગ્રેડ-૩૫, B ગ્રેડ-૫૮, C ગ્રેડ-૧૮) યુનિવર્સિટીઓનો અભ્યાસ કરી A ગ્રેડ મેળવતી યુનિવર્સિટીઓ અને તમામ યુનિવર્સિટીના સરેરાશ વચ્ચે જુદા જુદા માપદંડો ધ્યાને લઈ, ગુણવત્તા અંતર (Quality Gap) માપવા માટેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. A ગ્રેડ મેળવતી યુનિવર્સિટીને બેન્ચમાર્ક ગણી Quality Gap શોધવામાં આવી છે. A ગ્રેડ ધરાવતી યુનિવર્સિટીઓમાં અનુસ્નાતક વિભાગોની સંખ્યા ૩૪ છે. જયારે તમામ યુનિવર્સિટીઓની સરેરાશ ૨૯ની છે. ગુજરાતની બધી જ યુનિવર્સિટીઓમાં અનુસ્નાતક વિભાગોની સંખ્યા સરેરાશ કરતાં પણ ઓછી છે. અધ્યાપકોની સંખ્યા A ગ્રેડની યુનિવર્સિટીઓમાં ૪૩૨ની છે જેમાં બધા જ પીએચ.ડી.ની પદવી ધરાવતા અધ્યાપકો છે. તમામ યુનિવર્સિટીઓની સરેરાશ સંખ્યા ૨૨૦ની છે જે પૈકી ૨૪ ટકા અધ્યાપકો પીએચ.ડી.ની ડિગ્રી ધરાવતા નથી. ગુજરાતમાં તમામ યુનિવર્સિટીઓની સરેરાશ સંખ્યા કરતાં પણ ઓછા અધ્યાપકો છે. દરેક અનુસ્નાતક વિભાગમાં A ગ્રેડની યુનિવર્સિટીમાં ૧૦ અધ્યાપકો છે જયારે બધી યુનિવર્સિટીની સરેરાશ સંખ્યા ૮ની છે. ગુજરાતની એક કે બે યુનિવર્સિટીઓને બાદ કરતાં બધા જ અનુસ્નાતક વિભાગોમાં અધ્યાપકોની સંખ્યા ખૂબ જ ઓછી છે. ઘણા લાંબા સમયગાળાથી યુનિવર્સિટીઓના અનુસ્નાતક ભવનો માટે અધ્યાપકોની ભરતી થઈ જ નથી.

આ જ લેખકો દ્વારા નેક દ્વારા એક્રિડિટેશન પ્રાપ્ત કરેલ ૧૪૭૩ કોલેજોનો અભ્યાસ કરી કોલેજ કક્ષાની Quality Gapનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં ૧૧૦ A ગ્રેડ, ૮૪૫ B ગ્રેડ, ૨૩૩ C ગ્રેડ ધરાવતી તથા ૨૮૫ નોન-એક્રિડિટેડ કોલેજોનો સમાવેશ થાય છે. A ગ્રેડવાળી કોલેજોના ધોરણોને બેન્ચમાર્ક તરીકે ગણી, તમામ કોલેજોની સરેરાશને ધ્યાને લઈ Quality Gapના કારણો શોધવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

કોલેજ કક્ષાએ શિક્ષણની ગુણવત્તાનો આધાર અધ્યાપકોની સંખ્યા પર નિર્ભર છે. વિદ્યાર્થી-અધ્યાપક વચ્ચેનો ગુણોત્તર (Student-Teacher Ratio) બેન્ચમાર્કવાળી A ગ્રેડની કોલેજોમાં ૨૦નો છે, જયારે સરેરાશ ૨૭ની છે. જો માત્ર કાયમી અધ્યાપકો અને વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાનમાં લેવાય તો દર એક કાયમી અધ્યાપકે બેન્ચમાર્ક કોલેજમાં વિદ્યાર્થીની સંખ્યા ૩૦ છે. બેન્ચમાર્ક કોલેજોમાં તમામ અધ્યાપકો એમ.ફીલ અથવા પીએચ.ડી. ડિગ્રી ધરાવે છે, જયારે તમામ કોલેજોમાં આ સરેરાશ માત્ર ૪૩ ટકાની છે એટલે કે અધ્યાપક સજ્જતાની Quality Gap આ બાબતમાં ૫૭ ટકાની છે. કોલેજોના વિદ્યાર્થીઓની સંખ્યા અને કમ્પ્યૂટરની ઉપલબ્ધિ ધ્યાને લેતાં બેન્ચમાર્ક કોલેજોમાં ૧૪૫ વિદ્યાર્થી વચ્ચે એક કમ્પ્યૂટરની સવલત છે. આ પ્રમાણ સરેરાશને ધ્યાને લેતાં ૨૨૯ વિદ્યાર્થી દીઠ એક કમ્પ્યૂટર આવે છે.

અન્ય એક અભ્યાસ મુજબ યુનિવર્સિટી કક્ષાએ પ્રોફેસરની ૪૫% જગ્યાઓ, રીડરની ૫૧% જગ્યાઓ તથા વ્યાખ્યાતાઓની ૫૩% જગ્યાઓ ઉપર નિયુકિત થયેલ નથી. જયારે કોલેજ કક્ષાએ વ્યાખ્યાતાઓમાં સરકારી કોલેજોમાં ૪૨%, ગ્રાન્ટ એઈડ કોલેજોમાં ૪૦%, તથા ખાનગી કોલેજોમાં ૫૨% અધ્યાપકોની જગ્યાઓ ખાલી છે. લાઈબ્રેરિઅનની ૫૦% જગ્યાઓ તથા ફિઝિકલ ઈન્સ્ટ્રકટરની ૫૨% જગ્યાઓ ઉપર ઘણા સમયથી નિયુકિત થયેલ નથી.

ઉપરોકત બાબતોથી એ સ્પષ્ટ થાય છે કે જ્ઞાનયુગમાં આપણે આગળ વધવું હોય તો ઉચ્ચ શિક્ષણને પ્રાધાન્ય આપવું પડશે. કેન્દ્ર અને રાજય બે પૈકી વિશેષ જવાબદારી કોની તે બાબતે એક બીજા પર ભાર સોંપવાની નીતિને વિદાય આપી સમગ્ર રાષ્ટ્રના હિતોને સર્વોપરી ગણી ગુણવત્તા માટે મૂળભૂત બાબતો પર ચિંતન કરી યોગ્ય નીતિને અમલમાં મૂકવાની રાજય તથા કેન્દ્ર સ્તરે સંવાદિતા પેદા થાય તેવું કઈંક થાય તે સમયની માંગ છે.

પ્રો. (ડો.) બી.એ. પ્રજાપતિ
કુલપતિ

## યુનિવર્સિટી

### સ્પર્ધા




તા. ૧૭-૧૮ માર્ચ, ૨૦૦૯ દરમ્યાન યુનિવર્સિટી કેમ્પસ પરિસર પર ઈન્ટરનેશનલ લેવલની બોક્ષિંગ રીંગ બનાવવામાં આવી. આ સ્પર્ધામાં ૧૮ કોલેજોના ૬૦ બોક્ષરોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ઉદ્‌ઘાટન અને પૂર્ણાહૂતિ સમારંભમાં અતિથિ વિશેષ તરીકે બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી દિપકભાઈ આફ્રિકાવાલા ઉપસ્થિત રહયા હતા. યુનિવર્સિટીના નિયામક શ્રી પોલ ડેવિડે બોક્ષરોનો પરિચય આપ્યો હતો.

સ્પર્ધાના નિષ્ણાત તરીકે ડૉ. પ્રદીપ લીન્કા, શ્રી મનોજ પવાર, શ્રી દુષ્યંત પટેલ, શ્રી વિજય પાટીલ, શ્રી પપ્પુ નિકમ, શ્રી અંકિત નાગર, શ્રી મનીન્દ્ સિંઘ, શ્રી શેખ મોહમંદ અનવર, શ્રી હરિપાલ કાજલે સેવા આપી હતી. આ સ્પર્ધાને સફળ બનાવવા માટે શ્રી અમરજીતસિંગ, યુનિવર્સિટી કોચશ્રી રાજુ ભાલાવાલા, શ્રી મદનસિંગ ઠાકોર અને શ્રી કેતન પટેલે ફાળો આપ્યો હતો. આ સ્પર્ધામાં આર.સી.એમ. કોલેજના બેસ્ટ બોક્ષર તરીકે શ્રી કરણવીરસિંહ રહયા હતા, બેસ્ટ લુઝર શ્રી ગૌરવ મિશ્રા ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પ્યૂટર સાયન્સ રહયા હતા અને બેસ્ટ પ્રોમીસીંગ પ્લેયર તરીકે એમ.ટી.બી. આર્ટસ કોલેજના બોક્ષર શ્રી પ્રસાન્ત સોલંકી રહયા હતા. વિવિધ Categaries ના પરિણામોમાં : **૪૮ થી ૫૧ કિલો** : પ્રથમ - આશિષ પંડયા - સરસ્વતી કોલેજ, દ્વિતીય - નૈનેક - ડિપાર્ટમેન્ટ ઓફ એમ.એલ.ડબલ્યુ. **૫૧ થી ૫૪ કિલો** : પ્રથમ - અતુલ્લાહ ખતરી, બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટ, દ્વિતીય - મનીષ તિવારી, સરસ્વતી કોલેજ. **૫૪ થી ૫૭ કિલો** : પ્રથમ - અવિનાશ ટેલર, એસ.પી.બી., દ્વિતીય - જમેશ પારેખ, વિવેકાનંદ કોલેજ. **૫૭ થી ૬૦ કિલો** : પ્રથમ - ભાવેશ ખતરાણી - સુટેક્ષ બેંક કોલેજ, દ્વિતીય - વૃજેન્દ્ર રાજપુત. **૬૦ થી ૬૪ કિલો** : પ્રથમ - પ્રસાંત સોલંકી, એમ.ટી.બી. કોલેજ, દ્વિતીય - અમિત સાહુ, એમ.એસસી. આઈ.ટી., **૬૪ થી ૬૯ કિલો** : પ્રથમ - નાગેન્દ્ર યાદવ, સરસ્વતી કોલેજ, દ્વિતીય - ડૉ. રાજ, વિવેકાનંદ કોલેજ. **૬૯ થી ૭૫ કિલો** : પ્રથમ - જયંતિ રાઠોડ, ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમીક, દ્વિતીય - બીપીન પરાર, ડી.ડી. લો કોલેજ, **૭૫ થી ૮૧ કિલો** : પ્રથમ - મયુર મોરયા, ડિપાર્ટમેન્ટ ઓફ બાયોસાયન્સ, દ્વિતીય - સોનુસીંગ કસ્તરીયા, સુટેક્ષ બેંક. **૯૧ થી સુપર હેવીવેઈટ** : પ્રથમ - કરણવીરસિંગ, બી.આર.સી.એમ.કોલેજ, દ્વિતીય - ગૌરવ મિશ્રા - ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પ્યુટર સાયન્સ.

અત્રે ઉલ્લેખનીય છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ વખત આંતર કોલેજ બોક્ષિંગ ભાઈઓની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## અનુસ્નાતક

### પરિસંવાદ




૫ યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્ય વિભાગના ઉપક્રમે 'ભારતીય નવલકથા' વિષયક યુ.જી.સી. પ્રેરિત બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન ૭-૮ માર્ચ, ૨૦૦૯ દરમ્યાન કરવામાં આવ્યું. જેમાં ગુજરાત અને દેશના અન્ય ભાગોમાંથી લગભગ ૧૫૦ જેટલા અધ્યાપકો, વિદ્વાનો, તજજ્ઞો અને ૫૫ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

કમ્પ્યૂટર સાયન્સ વિભાગના સેમિનાર હોલમાં આમંત્રિતો અને પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં સાહિત્યકાર ડૉ. રઘુવીર ચૌધરીએ ઉદ્‌ઘાટન પ્રવચનમાં ભારતીય નવલકથાની મૂડી તરીકે ' સરસ્વતીચંદ્ર'ને ગણાવી, ભારતીય સંસ્કૃતિ અને ભારતીય દર્શન આ કૃતિમાં મળે છે એમ જણાવતા ગુજરાતીની સાથે બંગાળી, હિન્દી, મરાઠી, તેલુગુ નવલકથાના સંદર્ભ પણ ચર્ચામાં વણી લીધા હતા. પરિસંવાદના બીજવકતવ્યમાં ડૉ. નરેશ વેદે 'ભારતીય સાહિત્ય અને ભારતીય નવલકથાની અવધારણા' વિષય ઉપર વ્યાખ્યાન આપતાં ઉદાહરણ સાથે વિશદ ચર્ચા કરી હતી. ઉદ્‌ઘાટન સમારોહના અધ્યક્ષસ્થાનેથી કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિએ પ્રાસંગિક વકતવ્ય આપતાં જણાવ્યું કે, આજે જયારે વિશ્વના દેશો એકબીજાની નજીક આવી રહયા છે, વિશ્વની સંસ્કૃતિ એકબીજામાં ભળી રહી છે ત્યારે આપણું જે પોતીકું છે, જે સત્ત્વશીલ છે તેને કેવી રીતે ટકાવી રાખી શકીએ ? આવા પરિસંવાદો એ વાતને ટકાવી રાખવા માટે કોડિયાની ભૂમિકા ભજવે છે.

અધ્યક્ષ ડૉ. દમયંતી પરમારે સ્વાગત પ્રવચનમાં પરિસંવાદની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. ઉદ્‌ઘાટન બેઠકમાં ડૉ. દમયંતી પરમારના 'સ્વાધ્યાય' પુસ્તકનું મહાનુભાવોને હસ્તે લોકાર્પણ થયું હતું.

પરિસંવાદની પ્રથમ, દ્વિતીય અને તૃતીય બેઠકોમાં ડૉ. શરીફા વીજળીવાળા (સુરત), ડૉ. અનિલા દલાલ (અમદાવાદ), ડૉ. ઉર્વશી પંડયા (મુંબઈ), ડૉ. ઉષા ઉપાધ્યાય (અમદાવાદ), ડૉ. અંજલિ પઢિ (ઓરિસ્સા), ડૉ. નૂતન જાની (મુંબઈ), ડૉ. રાજેન્દ્ર મહેતા (દિલ્હી), ડૉ. નીતા ભગત (વડોદરા), ડૉ. મહિપતસિંહ રાઓલજી(ભરૂચ), ડૉ. ભરત મહેતા (વડોદરા), ડૉ. હરીશ મંગલમ્ (અમદાવાદ) અને ડૉ. કાન્તિ માલસતરે (વડોદરા) અનુક્રમે ઉર્દૂ, બંગાળી, મરાઠી, અસમિયા, ઉડિયા, કન્નડ, તમિલ, તેલુગુ, મલયાલમ, હિન્દી, અંગ્રેજી અને પંજાબી નવલકથાઓને ભારતીય પરિપ્રેક્ષ્યમાં મૂલવવાનો પ્રયત્ન કર્યો હતો. આ બેઠકોના અધ્યક્ષ તરીકે ડૉ. અશ્વિન દેસાઈ, ડૉ. ઈ.વી. રામક્રિષ્ણન અને ડૉ. સવિતા ગૌડે સેવાઓ આપી હતી.

પ્રસ્તુત પરિસંવાદમાં મુખ્ય બેઠકોની સાથે ૭ સમાંતર બેઠકો ચાલી હતી. જેમાં ૭૦ થી વધારે શોધપત્રો અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષા અને વિષયના રજૂ થયા હતા. જેમાં એક બેઠક નારીકેન્દ્રી નવલકથાઓ વિશેની હતી. એક બેઠક તુલનાત્મક

અધ્યયન દ્વારા રજૂ થયેલા શોધપત્રોની હતી. એક બેઠક નવલકથા, શાસ્ત્રો અને કલાઓ વિશેની વિશેષ બેઠક હતી. આમ અનેક પરિપ્રેક્ષ્યમાં નવલકથાઓ વિશેની વિશદ અને વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ સમાંતર બેઠકોના અધ્યક્ષ તરીકે ડૉ. રાકેશ દેસાઈ, ડૉ. વસંત જાધવ, ડૉ. જયોતિ નાયક, ડૉ. વિપિન કીકણી, ડૉ. રાજેન્દ્ર મહેતા, ડૉ. ભરત મહેતા અને ડૉ. જશુ પટેલે સેવા આપી.

સમાપન બેઠકમાં ડૉ. મણિલાલ હ. પટેલ અને ડૉ. વિજય શાસ્ત્રીએ ગુજરાતી નવલકથાઓને અન્ય ભારતીય નવલકથાઓના સંદર્ભમાં મૂકી ભારતીય સમાજ અને ભારતીય સંસ્કૃતિની વિગતે ચર્ચા કરી હતી. ઉદ્‌ઘાટન સમાપન બેઠકનું સંચાલન ડૉ. જશુ પટેલે કર્યું હતું. જયારે મુખ્ય બેઠકોનું સંચાલન પ્રા. મુકેશ વસાવા, પ્રા. કલા ચૌધરી અને ડૉ. ફાલ્ગુનીબેન અધ્વર્યુએ કર્યું હતું. આભારદર્શન ડૉ. વિપિન કીકાણીએ કર્યું હતું.

આ પરિસંવાદ પ્રસંગે 'આદાન પ્રદાન' સ્મરણિકા પ્રકાશિત થઈ હતી. જેમાં પરિસંવાદમાં સમાવિષ્ટ ૧૨ નવલકથા તથા નવલકથાકારનો મિતાક્ષરી પરિચય તથા વિદ્વાનોના ભારતીય નવલકથા વિશેના લેખો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના સમાવિષ્ટ છે. જેમાં પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ' નો લેખ તથા ૨૨થી વધારે ગુજરાતી નવલકથા વિશે રજૂ થયેલા શોધપત્રો ધ્યાનાકર્ષક રહયા હતા.

શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી અધ્યયન એકમ પ્રકલ્પ ચેર દ્વારા મુનશી સાહિત્યમાં રસવૈવિધ્ય : દ્રશ્ય-શ્રાવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો હતો.

૫ ડિપાર્ટમેન્ટ ઓફ રિસર્ચ મેથોડોલોજી એન્ડ ઈન્ટરડીસીપ્લીનરી સ્ટડીઝ ઈન સોશ્યલ સાયન્સીસના, ગ્રંથપાલ શ્રી મનીષભાઈ એસ. પટેલે ઈન્ફલીબનેટ સેન્ટર, યુ.જી.સી., અમદાવાદ ઈન કોલેબોરેશન વીથ પોન્ડીચેરી યુનિવર્સિટી, પોન્ડીચેરી તરફથી યોજાયેલ "7th International Conventional on Automation of Libraries in Education and Research" (CALIBER), February ૨૫-૨૭-૨૦૦૯માં ભાગ લીધો હતો. આ સેમીનારમાં ભારતના તથા વિદેશોના લાયબ્રેરીયનો દ્વારા શોધપત્રો રાજૂ કરવામાં આવ્યા હતા.

## EQUILIBRIUM-2009

Students perusuing their M.Sc. Integrated Biotechnology Course at Biosciences Department, V.N.S.G. University have proved their ability at State Level Competition 'Equilibrium-2009' held on 7/03/2009 at Rajkot in V.V.P. Engineering College under the Guidance of Dr. Gaurav Shah.

Out of total 4 Prizes slated for Biotechnoloy section, 3 Prizes were grabbed by Semester-VI students, in oral as well as poster presentaion.

- 1st prize in poster was awarded to "Nanoworms-a tumor scrapper" presented by Nidhi Choksi and Kruti Bhagalia.
- 2nd prize in poster was awarded to "Nanoscopic Electronic Nose" presented by Dhruti Badami, Khyati Kulkarni and Nisha Nayak.
- In oral paper presenation 2nd prize was awarded to "Algae - A Photo Bioreactor for Biofuel production" presented by Binita Patel and Shweta Khandekar.

The team to Rajkot was lead by Dr. Gaurav Shah. All the students were congratulated by Honourable Vice Chanlcellor, Dr. B.A. Prajapati, Registrat, Prof. J.R. Mehta and the Cours Co-ordinator, Dr. M.H. Parabia.




In photograph :
1. Front row in sitting from left: Dr. M.H. Parabia, Honourable Vice Chancellor, Dr. B.A. Prajapati and Registrar Shri J.R. Mehta.
2. Back row in standing from left: Kalpesh Mistry, Dr. Gaurav Shah, Kruti Bhagalia, Nisha Nayak, Khyati Kulkarni, Dhruti Badami, Nidhi Choksi, Riddi Mehta, Upasana Patel, Shraddha Jikar, Shweta Khandekar, Binita Patel, Parsun Patel, Dharmesh Bhuva and Rishi Desai.

## H.R. Week

ડિપાર્ટમેન્ટ ઓફ રિસર્ચ મેથોડોલોજી એન્ડ ઈન્ટરડીસીપ્લીનરી સ્ટડીઝ ઈન સોશ્યલ સાયન્સીસ, દ્વારા ફેબ્રુઆરી ૧૬-૨૦, ૨૦૦૯ દરમ્યાન એચ.આર. વીક તરીકે ઉજવવામાં આવ્યો હતો. આ વીકમાં જુદા જુદા ક્ષેત્ર અને જુદા જુદા ઔદ્યોગિક એકમો જેવા કે, ઓએનજીસી, મફતલાલ, ડેનીમ, માઈક્રો ઈન્ક, ક્રીભકો, જી.એસ.પી.સી, એન.ટી.પી.સી. વિગેરેમાંથી હ્યુમન રીસોર્સ મેનેજમેન્ટના તજજ્ઞોએ વિવિધ વિષય ઉપર વિચારો રજૂ કરી વિદ્યાર્થીઓ સાથે ચર્ચાઓ કરી.

વડા ડૉ. કિરણ પંડયાએ જણાવ્યું કે, આજે સમગ્ર વિશ્વ જયારે મંદીના માહોલમાં સપડાયેલું છે ત્યારે હ્યુમન રીસોર્સ ડેવલપ્મેન્ટ જ એક એવું ઉપકરણ છે જેનાથી આપણે મંદીના માહોલમાંથી બહાર આવી શકીએ અને તેને માટે ડિપાર્ટમેન્ટનો આ એક સ્તુત્ય પ્રયાસ છે.

એચ.આર. વીકનું આયોજન અને સંચાલન એમ.એલ.ડબલ્યુ. અને એમ.એચ.આર.ડી. પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. એમ. ઝવેરીએ કર્યુ. ડૉ. એમ. ઝવેરીએ જણાવ્યું કે, એચ.આર. વીકનું ધ્યેય કલાસરૂમની અંદર જ વિદ્યાર્થીઓને વર્તમાન ઓદ્યોગિક પરિસ્થિતિ અને માહોલથી વાકેફ કરાવવાનું છે. તદ્‌પરાંત વિદ્યાર્થીઓને આ વીક દ્વારા એચ.આર-થીયરીના વ્યવહારિક અમલીકરણ વિશેની જાણકારી આપવાનું પણ છે.

## Workshop

A Pre-Martial counseling workshop was jointly organized for the MSW students by MSW programme and Akhilhind Mahila Parishad, Surat Branch with the support of Central Social Welfare Board, New Delhi on 24th March '09 in the Sociology Department, Veer Narmad South Gujarat University, Surat.

Workshop aimed to strengthen the family structure & the institution of marriage by sensitizing the youth on various issues related to family life education. There were eminent speakers from the field of law, mental health, counseling, sociology, social work, etc.

Dr. Suguna Pathy, Head & Prof. of Sociology Department welcomed and nonored the esteemed guest Dr. Prabhawatiben Dixit while Rekha Mistry, Lecturer, M.S.W. Programme co-ordinated the workshop. Students actively participated in the discussion and found it very enriching.

## BLISc.

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના BLISc.ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ તેમજ નવનિયુકત મદદનીશ ગ્રંથપાલશ્રી બી.જે. અંકુયાનો સન્માન સમારોહ તા. ૨૮-૩-૦૯ના રોજ મુલાકાતી અધ્યાપકોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. આ પ્રસંગે ઉપસ્થિત અધ્યાપકોએ વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી શૈલેષ પટેલ તથા શ્રી ભાવેશ ઠાકરે કર્યું.



# સંલગ્ન કોલેજ

## આરોગ્ય

સી.ડી. પચ્ચીગર પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સી.ડી. પચ્ચીગર કાલેજ ઓફ હોમિયોપેથિક મેડીસીન એન્ડ હોસ્પિટલ, સુરત તથા અખીલ હિંદ મહિલા પરિષદ, જમનાનગર શાખાના સહયોગથી વિનામૂલ્યે નિદાન અને હોમિયોપેથિક સારવાર શિબિરનું આયોજન, શ્રીમતી આનંદીબેન પટેલ, સભ્ય કારોબારી સમિતિ, મહિલા પાંખ, ભારતીય જનતા પાર્ટીના નિવાસ સ્થાને તા. ૧૫/૨/૨૦૦૯ના રોજ કરવામાં આવ્યું. ટ્રસ્ટના ચેરમેન ડૉ. દશરથભાઈ, શ્રીમતી આનંદીબેન, ડૉ. નીના બેંકર, આર.એમ.ઓ. ડૉ. કોમલ દવેએ દીપ પ્રગટાવી કેમ્પનો આરંભ કર્યો હતો. આ સેવાકાર્યને બિરદાવવા કોર્પોરેટર શ્રી વિવેકભાઈ પટેલ, સભ્ય ટાઉન પ્લાનિંગ સમિતિ, શ્રીમતી કૌશિકાબેન, કોર્પોરેટર, ભૂતપૂર્વ ડે. મેયર, શ્રીમતી પ્રિતીબેન દેસાઈ, પ્રમુખ મહિલા મોરચાએ હાજરી આપી હતી. કેમ્પમાં (૧) ડૉ. નીના અક્ષય બેંકર (૨) ડૉ. રૂપલ ચૂડાવાલા (૩) ડૉ. નીલોફર પચ્ચીગર અને (૪) ડૉ. કમલ દવેએ ડાયાબિટીસ, ડીપ્રેશન, દમ(અસ્થમા), સાંધાની તકલીફ જેવાં વિવિધ જૂના હઠિલા રોગો માટે નિદાન અને સારવાર આપી.



શ્રી ઈ.ખો. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, કહાનવાડીમાં વિશ્વ એઈડ્સ દિનની ઊજવણી પ્રસંગે તા. ૧૧-૧૨-૦૮ના રોજ આઈ.સી.ટી.સી. કેન્દ્ર આંકલાવ, બ્લોક હેલ્થ ઓફિસ તથા સી.એચ.સી.ના સંયુકત ઉપક્રમે 'એઈડ્સ એ એક વૈશ્વિક સમસ્યા' વિષય ઉપરની યોજાયેલ નિબંધ લેખન સ્પર્ધામાં એ.આર. જાદવે પ્રથમ ક્રમ અને 'એઈડ્સ સામે જનજાગૃતિ એ જ અભિયાન' વિષય ઉપરની વકતૃત્વ સ્પર્ધામાં શ્રી પી.એમ. રબારીએ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો. એન.એસ.એસ. પ્રો. ઓફિ. ડૉ. મંજુલા પ્રજાપતિ તથા પ્રા શ્રીમતી બી.કે. પટેલે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડયું હતું.

સી.એન. કોઠારી હોમિયોપેથિક મેડિકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા સાથે સંલગ્ન કાળીદાસ હોમિયોપેથિક હોસ્પિટલ,વ્યારા દ્વારા આરોગ્ય વિષયક સમસ્યાઓના નિરાકરણના પ્રયાસ રૂપે વિના મૂલ્યે હોમિયોપેથિક નિદાન અને સારવાર શિબિરનું આયોજન તા. ૨૮/૦૨/૨૦૦૯ના રોજ બાળ સંરક્ષણ ગૃહ ઓબ્ઝર્વેશન હોમ, વ્યારા ખાતે કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં કુલ ૨૦૬ દર્દીઓ તથા ૬૫ સંરક્ષણ ગૃહના અનાથ અને નિરાધાર બાળકોના સ્વાસ્થ્યની તપાસ કરી સારવાર આપવામાં આવી હતી. આ શિબિરમાં હોમિયોપેથિક નિષ્ણાત ડૉ. પી.આર. પટેલ અને ડૉ. મીનાબેન કાલરાએ સારવાર નિદાનની સેવા આપી હતી.

શિબિરના આયોજનમાં બાળ સંરક્ષણ ગૃહ તથા જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી, તાપીના કર્મચારીઓએ સહકાર આપ્યો હતો.



સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારા સંલગ્ન કાળીદાસ હોમિયોપેથિક હોસ્પિટલ વ્યારા દ્વારા હનુમાન મંદિર, શંકર ફળિયું, ધૂલીયા રોડ વિગેરે વ્યારાના પટ્ટી વિસ્તારના આદિવાસી ગરીબ પછાત અને જરૂરિયાતમંદ લોકોમાં પ્રવર્તતી આરોગ્યને લગતી વિવિધ સમસ્યાઓ માટે વિનામૂલ્યે હોમિયોપેથિક નિદાન અને સારવાર શિબિર તા. ૧૮/૩/૨૦૦૯ના રોજ રાખવામાં આવી હતી. જેમાં કુલ ૧૭૮ દર્દીઓના આરોગ્યની તપાસ કરી હોમિયોપેથિક દવા દ્વારા સારવાર આપવામાં આવી હતી. આ શિબિરમાં હોમિયોપેથિક નિષ્ણાત ડૉ. ભરત ભટ્ટ, ડૉ. સુનિલ ગુપ્તા, ડૉ. જીતેન્દ્ર જોશીએ સેવા આપી હતી.



## GATE - 2009

સિગ્મા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી, બાકરોલના ૧૯ વિદ્યાર્થીઓ GATE-2009 પરીક્ષામાં સફળ થયા જેમાં : 1. Ghevariya Satish R. 2. Shah Vrunda L. 3. Vyas Tulsi D. 4. Shrimali Hiral R. 5. Adwani Vaishali D. 6. Patel Manisha D. 7. Patel Rajvi H. 8. Rajpurohit Jagdish S. 9. Shah Nishit R. 10. Ajudiya Anil J. 11. Bhavsar Mudra P. 12. Patel Usha K. 13. Upadhyay Siddhi U. 14. Shah Ruchir Y. 15. Haque Ziaul 16. Kalal Pratik G. 17. Patelia Emanual M. 18. Vaghela Megha R. 19. Modi Niki V.

## રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ




નવયુગ સાયન્સ કોલેજ, સુરત અને જયભારતી કમ્યૂનિટિ સાયન્સ સેન્ટર, સુરતના ઉપક્રમે નવયુગ સાયન્સ કોલેજમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી તા. ૨૮/૦૨/૦૯ના રોજ કરવામાં આવી હતી. સમારંભના પ્રમુખ પદે વિજ્ઞાન વિદ્યાશાખાના ડીન, પ્રિ.ડૉ. એ.જી. મહેતા, અતિથિ વિશેષ તરીકે તથા વિજ્ઞાન ભારતીના સલાહકાર શ્રી દિનેશભાઈ ઉપસ્થિત હતા. આ પ્રસંગે તજજ્ઞો તરીકે પ્રો. ડૉ. મીનું પરબીયા (હેડ, બાયો. સાયન્સ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત), ડૉ. અપૂર્વ દેસાઈ (હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પ્યૂટર સાયન્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત), ડૉ. જનક પટેલે (લેકચરર ઈન ઈલેકટ્રીકલ એન્જિ., SVNIT) "Expanding Horizons of Science" વિષય પર વ્યાખ્યાન આપ્યાં હતાં. આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલે મહેમાનોને આવકાર્યા હતા. જયભારતી કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, સુરતના અધ્યક્ષ શ્રી જી. એન. કાકડીયાએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીનું મહત્વ દર્શાવ્યું હતું. ડીન, વિજ્ઞાન વિદ્યાશાખા, પ્રિ. ડૉ. એ.જી. મહેતાએ ડૉ. સી.વી. રામનના જીવનના અનેક પાયા પર પ્રકાશ પાડી આ પ્રસંગને બિરદાવ્યો હતો. વિદ્યાર્થીઓએ ખૂબ મોટી સંખ્યામાં હાજર રહી વિજ્ઞાન દિવસની યથાર્થતા પૂરવાર કરી હતી. પ્રો.પી.આર. દેસાઈએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું જયારે આભાર વિધિ ડૉ. જી.એમ. મલિકે કરી.

## શિબિર

શિ સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથિક મેડીસીન અને હોસ્પિટલમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફની જાગૃતતા માટે તા. ૨૧,૨૪,૨૫ ફેબ્રુઆરી દરમ્યાન તાલીમ શિબિર યોજાઈ ગયો. સમારંભનું ઉદ્‌ઘાટન ટ્રસ્ટના ચેરમેન તથા કોલેજના ફાઉન્ડર પ્રિ. ડૉ. દશરથભાઈ પચ્ચીગર દ્વારા કરવામાં આવ્યું હતું. આ ટ્રેનીંગ દરમ્યાન શ્રી ભગુભાઈ પટેલ (ચીફ વોર્ડન નાગરિક સંરક્ષણ) ડૉ. પી.પી. મીસ્ત્રી તથા શ્રી જી.જી. બારહટ (ફાયર ઓફીસર એસ.એમ.સી) દ્વારા લેકચર લેવામાં આવ્યાં હતાં. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના સેક્રેટરી શ્રી સમીરભાઈ પચ્ચીગર અને આચાર્યા ડૉ. નીનાબેન બેંકરે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. વિપુલ શાસ્ત્રીએ કર્યું હતું. કાર્યક્રમમાં વિવિધ વકતાઓ દ્વારા નાગરિક સંરક્ષણના વિવિધ પાસાંઓ ઉપર સમજણ આપવામાં આવી હતી.



શિ ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્)માં તા. ૨૯/૦૩/૦૯નાં રોજ Developing a Research Proposal પર કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યશિબિરના તજજ્ઞ અને પરામર્શક તરીકે યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના રીડર ડૉ. ઉમ્મેદ સિંહે સેવા આપી હતી. કાર્યશિબિરના કો-ઓર્ડિનેટર તરીકે એમ.એડ્.ના ઈ.ચા. આચાર્યા નિહારીકા પટેલ અને બી.એડ.ના ઈ.ચા. આચાર્યા ડૉ. મયૂરીબેન રાઠોડે ભૂમિકા ભજવી હતી. આ શિબિરમાં સંશોધન દરખાસ્તના ઘટકોની યાદી તૈયાર કરવી, વિવિધ ઘટકોની તારવણી કેમ કરવી, સંબંધિત સાહિત્ય અને સંશોધન શોધવા, ઉપકરણ, વ્યાપવિશ્વ અને નમૂનાની વિશ્વસનીયતા અને યર્થાતતા વર્ણવવી, સંશોધન માટે સમય અને નાણાંની ફાળવણી કરવી, APA સ્ટાઈલમાં સંદર્ભો લખવાનું કૌશલ્ય વિકસાવવા અને સંશોધન દરખાસ્ત તૈયાર કરવી વિગેરે હેતુઓની ચર્ચા કરવામાં આવી હતી.

કાર્ય શિબિરમાં ૬૫ પ્રતિનિધિઓ હાજર રહયા હતા. કાર્ય શિબિર દરમિયાન તજજ્ઞશ્રીએ વ્યકિતગત માર્ગદર્શન આપ્યું હતું અને પ્રશ્નોત્તરી દ્વારા પ્રતિનિધિઓની મૂંઝવણ દૂર કરી હતી. કાર્યશિબિરના અંતે ત્રણ પ્રતિનિધિઓએ તૈયાર કરેલ સંશોધન દરખાસ્તની રજૂઆત કરી હતી.



## Gujarat SET



નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારીના ગ્રંથપાલશ્રી કૈલાશ ડી. ટંડેલે ડિસેમ્બર-૨૦૦૮માં લંબાયેલ G-SET પરીક્ષા લાયબ્રેરી એન્ડ ઈન્ફરમેશન સાયન્સ વિષયમાં ઉત્તીર્ણ કરેલ છે. કુલ ૪૦૯૪ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપેલ હતી તેમાંથી ૧૪૭ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલ છે. અભિનંદન.

## વાર્ષિકોત્સવ

વીર નર્મદ શિક્ષા સંસ્થાન દ્વારા સંચાલિત બી.એડ્., બી.સી.એ. અને બી.બી.એ. કોલેજોનો વાર્ષિકોત્સવ તા. ૨૩/૦૨/૨૦૦૯ના રોજ ગાંધી સ્મૃતિ હોલ, નાનપુરા, સુરત ખાતે મુખ્ય અતિથિ તરીકે કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ અને મુખ્ય વકતા તરીકે ડૉ. બળવંતસિંહ પુનાડા (અધ્યક્ષ-વિદ્યાભારતી, સુરત વિભાગ)ની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

આમંત્રિત મહેમાનોનું સ્વાગત, દીપ પ્રાગટય તથા વંદનાવિધિ પૂર્ણ થયા બાદ બી.સી.એ.ના પ્રા.શ્રી કૃણાલભાઈ પટેલે મહેમાનોનો પરિચય, ટ્રસ્ટ અને ટ્રસ્ટીઓનો પરિચય બી.એડ.ના પ્રા.શ્રી ગાયત્રીબેન પટેલે અને વર્ષ દરમ્યાન થયેલ પ્રવૃત્તિઓનો અહેવાલ બી.એડ.ના કાર્યકારી પ્રધાનાચાર્યશ્રી ભાવેશભાઈ રાવલે આપ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત કુલપતિશ્રી (પ્રોફે.) ડૉ. બી.એ. પ્રજાપતિએ પ્રાસંગિક ઉદ્‌બોધન તથા ડૉ. બળવંતસિંહ પુનાડાએ વિદ્યાભારતીનો શૈક્ષણિક દ્રષ્ટિકોણ અને ભારતમાં વર્તમાન સ્થિતિ સંદર્ભે રજૂઆત કરી હતી.

દેશભકિતના મુખ્ય થીમને કેન્દ્રમાં રાખીને તૈયાર કરેલ કૃતિઓ ઉપસ્થિત મહેમાનોએ નિહાળી હતી જેનાથી સૌ તાલીમાર્થી ભાઈ-બહેનોને પ્રોત્સાહન મળ્યું હતું. આભારવિધિ સંસ્થાના ખજાનચીશ્રી સંજયભાઈ લાપસીવાલાએ કરી હતી. વાર્ષિકોત્સવ અંતર્ગત સ્વાગત નૃત્ય, નાટકો - રાષ્ટ્ર નિર્માણ કે સ્વપ્ન દ્રષ્ટા-ચાણકય અને મેકોલેનો ખટલો, સમૂહગીતો, લોકનૃત્ય વગેરે સાંસ્કૃતિક કૃતિઓ રજૂ થઈ હતી. કાર્યક્રમનું સંચાલન પ્રશિક્ષણાર્થી રાકેશ પટેલ અને સ્નેહા પટેલે કર્યું હતું.

## દીક્ષાંત સમારોહ

શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય-પાંડેસરા, સુરતમાં તા. ૨૧/૦૩/૦૯ના રોજ તૈતિરીય ઉપનિષદ ૧ અને ૧૧ મુજબ વેદ ભણાવીને પછી આચાર્ય અન્તેવાસી વિદ્યાર્થીને અનુશાસન કરે છે, એ હેતુને ધ્યાનમાં રાખીને દીક્ષાંત સમારેહનું આયોજન કરવામાં આવ્યું. સમારોહમાં રીલાયન્સ ઈન્સ્ટ્રીઝ-સુરત ખાતેના સિનિયર વાઈસ પ્રેસીડેન્ટશ્રી હિમાંશુભાઈ ભટ્ટે ભાવિ શિક્ષકોને જરૂરી દિશા-સૂચન કર્યું હતું. વિરમગામ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના આચાર્ય તથા વિદ્યાભારતી શોધ વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. નીતિનભાઈ પેથાણીએ બાળકની માનસિક પ્રકૃતિને ધ્યાનમાં રાખી શિક્ષણ આપવા પર ભાર મૂકયો હતો.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રી ગોપાળભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. પ્રા. નીતાબેને સમાજમાં શિક્ષકોના યોગદાન ઉપર પ્રતિભાવ રજૂ કર્યા હતા. પ્રધાનાચાર્યશ્રી ભાવેશભાઈ રાવલે વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા કેળવીને અધ્યાપનકાર્ય માટે આગ્રહ કર્યો હતો. પ્રશિક્ષણાર્થીઓ વિપુલભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ અને દિપીકાબેન પટેલે પ્રતિભાવો રજૂ કર્યા હતા. પ્રા. ગાયત્રીબેન પટેલે આધુનિક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા સમગ્ર વર્ષની ઝાંખી રજૂ કરી હતી. પ્રા. ડૉ. સુનિલદત્ત વ્યાસે દીક્ષાંત પ્રવચન અને પ્રા. ધર્મીબેન પટેલે સંકલ્પ પત્રની રજૂઆત કરી હતી.

કાર્યક્રમ અંતર્ગત ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું, જેનું સંચાલન પ્રા. ચેતનભાઈ પટેલે કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ પ્રા. પ્રકાશભાઈ પટેલ તથા સંચાલન પ્રા. નિર્મલભાઈ પટેલે કર્યું.

## પરિસંવાદ



શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં 'વર્ગખંડ શિક્ષણ સુધારણામાં અનુદેશ પ્રૌદ્યોગિકી' વિષય પર સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિ, અતિથિ વિશેષ તરીકે સિન્ડિકેટ સભ્ય શ્રી દિપક આફ્રિકાવાલા અને શ્રી સંજયભાઈ દેસાઈએ ઉપસ્થિત રહી કાર્યક્રમની ગરિમા જાળવી હતી. સેમિનારના સમાપન સમારંભમાં પરામર્શક તરીકે ડૉ. ઉમ્મેદ સિંહ હતા. કોઓર્ડિનેટર્સ તરીકેની ભૂમિકા બી.એડ્.ના ઈન્ચાર્જ આચાર્યા ડૉ. મયૂરીબેન રાઠોડ અને એમ.એડ્.ના ઈન્ચાર્જ આચાર્યા નિહારીકાબેન પટેલે બજાવી હતી. આ સેમિનારમાં કુલ ૧૦૦ પેપરો રજૂ કરવામાં આવ્યાં હતાં. આ પેપરમાંથી ત્રણ પેપરને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમને અંતે ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. મયૂરીબેન રાઠોડે સૌનો આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. ભાવિનાબેન દેસાઈએ કર્યું હતું.

સમારેહના અધ્યક્ષ કુલપતિશ્રી (પ્રો.) ડૉ. બી.એ. પ્રજાપતિએ રાજયકક્ષાની આ કોન્ફરન્સને બિરદાવી સફળ આયોજન બદલ ટ્રસ્ટી શ્રી અનિલભાઈ જૈન તથા કોલેજ પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.



# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**એ હંમેશા શકય છે. (વિશ્વની વિરાટ જેલોમાંથી એકનું પરિવર્તન.)** કિરણ બેદી, અનુ. : હરેશ ધોળકિયા, અમદાવાદ : આર.આર. શેઠની કંપની, ૨૦૦૮, પૃ.૨૭૮, રૂ.૧૭૫

'વિશિષ્ટ' પોલીસ અધિકારીનું સન્માન, વીરતા માટે પોલીસ મેડલ, નશાખોરી અટકાવવા માટેના કાર્ય માટે નોર્વેનો એશિયા વિસ્તારનો પુરસ્કાર, ૧૯૯૪નો પ્રતિષ્ઠિત અને એશિયાનો નોબલ પુરસ્કાર મનાતો હેપન મેન્શેરો એવોર્ડ, સુગ્રથિત અને નવીન સંચાલન માટે સ્વીસ-જર્મન જોસેફ એવોર્ડ અને ઘણાં સન્માનો તથા પુરસ્કાર મેળવનાર તથા તેમનું જીવનચરિત્ર 'પડકાર' (I Dare) નાં લેખિકા ડો. કિરણ બેદી પ્રથમ ભારતીય મહિલા છે. જેમણે સંઘર્ષપૂર્ણ ૨૬ વર્ષ સુધી પોલિસકાર્ય, પોલીસ વહીવટ, ટ્રાફિક નિયમન, નાર્કોટિક કંટ્રોલ બ્યૂરો તથા ત્રાસવાદ વિરુધ્ધ જેવાં વિવિધ ક્રાર્યો કર્યા છે. આ ક્રાર્યો પછી પણ તેઓએ તિહાર જેલમાં જેલના વડા તરીકે અકલ્પનીય પરિવર્તન લાવી શકયાં છે. મૂળ પુસ્તક 'It's Always Possible'નો અનુવાદ 'એ હંમેશાં શકય છે.' શીષર્ક તળે શ્રી હરેશ ધોળકિયાએ ગુજરાતીમાં અનુવાદ આપ્યો છે. હસ્તલિખિત પત્રો, ચિત્રો અને સરળ ભાષામાં જેલના દોજખમય જીવનને વાચકો સમક્ષ લેખિકાએ ઉજાગર કર્યુ છે. પુસ્તકને શુભેચ્છા આપતાં સંત શ્રી દલાઈ લામા લખે છે 'પોતાની ફરજની જવાબદારીથી ઉપરવટ જઈ માનવજાતની સેવા કરવી તે વિશિષ્ટ માનવ હોવાનું લાગે છે. કિરણ બેદી તેમાંનાં એક છે...... તેથી હું કિરણ બેદીએ જે માર્ગ ભૂલેલ વ્યકિતઓને સત્ય, પર્યાવરણ, ધ્યાન, શિક્ષણ અને વધુ સારી નાગરિક સગવડો દ્વારા માયાળુ રીતે ચિંતાપૂર્વક સમાજના મુખ્ય પ્રવાહમાં ભેળવવા જે ઉમદા પ્રયાસ કર્યા છે, તેની પ્રશંસા કરું છું અને સન્માનું છું.' પ્રસ્તાવનામાં લેખિકા લખે છે કે 'આપણે માનીએ કે ન માનીએ, કેટલીક બાબતો તો મનની જ હોય છે. હું માનું છું કે આ પુસ્તક ઈશ્વરની મહાન યોજનાનો એક હિસ્સો જ છે.' અનુવાદક પુસ્તક વિષે દર્શાવે છે 'એક વ્યકિત સો ટકા પ્રતિબધ્ધતાથી કામ કરે તો સમગ્ર પર્યાવરણ (જૂની ભાષામાં ભગવાન) તેની પડખે ઊભો રહે છે.'તેવો Inter connectedness નો સિધ્ધાંત આ પુસ્તક વાસ્તવિક રીતે પ્રતિપાદિત કરે છે. 'મેનેજમેન્ટ'ના આ પુસ્તકમાં વ્યકિતગત અને મેનેજમેન્ટ કેવાં પરિણામો લાવી શકે છે તે અહીં પાને પાને જોવા મળે છે. નેતૃત્વના બધા જ ગુણોનો અભ્યાસ કરી શકાય છે. તે જ રીતે સમાજની ભાગીદારી કેમ લઈ શકાય અને કઈ હદે તે મળી શકે છે તે પણ આપણને અહીં જોવા મળે છે. કિરણ બેદીની બહુપરિમાણી સિધ્ધિઓ દેખાય છે જે વાચકને પણ પ્રોત્સાહિત કરે છે. વ્યકિતગત અને ટીમ મેનેજમેન્ટ કેવાં પરિણામો લાવી શકે છે તે અહીં જોવા મળે છે. સામાન્ય દેખાતો સ્ટાફ પણ કિરણ બેદીની પ્રતિબદ્ધતાથી કેમ ઉમદા સ્ટાફ બન્યો તે જોવા મળે છે. નેતૃત્વના બધા જ ગુણોનો અભ્યાસ કરી શકાય છે. તે જ રીતે સમાજની ભાગીદારી કેમ લઈ શકાય અને કઈ હદે તે મળી શકે છે. લેખિકા જણાવે છે કે 'આપણે ગમે તે હોઈએ યા ગમે ત્યાં હોઈએ પણ દરેક વ્યકિત પોતાનાં સંચાલનનું જ પરિણામ છે. જે રીતે પોતાના જાગૃત કલાકો ગાળે છે, તે જ તે પોતાનું શું મહત્વ આંકે છે તે નકકી કરે છે અને તે જ તેનો વર્તમાન અને ભાવિ ઘડે છે. આ પાઠ હું બાળપણ થી મારાં માતા-પિતા, શિક્ષકો, પુસ્તકો અને બાળપણનાં વાતાવરણ પાસેથી શીખી. સમાજનું એક મુલ્ય છે તે મારી આસ્થામાં નાનપણથી જ ઘુસાડી દેવામાં આવ્યું હતું. દરેક પળ કિંમતી હતી. અને એક વખત ગુમાવી તો તેને પાછી નથી મેળવી શકાતી. મારાં વ્યકિતત્વ અને વ્યવસાયિક બધાં જ કાર્યો પાછળ આ જ તત્વજ્ઞાન પ્રેરક પરિબળ રહયું છે. 'દરેક વ્યકિતની ફરજની સભાનતા વિષે જાગૃત કરતાં લેખિકા વધુમાં વધુ જણાવે છે કે **'કેટલીક ફરજો માત્ર નોકરી નથી, પણ એક મિશન છે, કારણ કે તે ભાવિ સર્જે છે.'**

જેલોમાં તેમના પ્રયોગોમાં વિવિધ ક્ષેત્રના મહાનુભાવો પૈકી ખુશવંતસિંહ, રાજમોહન ગાંધી, નશીરૂદ્દીન શાહ, સલમાન ખુરશીદ, મનોજ પ્રભાકર, સિદ્ધાંશુ મહારાજ, સુશિલ મુનિ, વી.એન., નારાયણન, ડો. ચાર્લ્સ કોલીસન, શિવાની નારાયણન, અનુપ જલોટાના વિવિધ કાર્યક્રમો યોજીને કેદીઓના જીવનમાં પ્રકાશનું ઓજસ પથરાવ્યું છે.

છેલ્લે અનુવાદક જણાવે છે કે : પુસ્તક વાંચનારને એક જ વિનંતી કે આ પુસ્તક માત્ર મનોરંજન તરીકે વાંચવાનું નથી. તેને ખૂબ જ સજાગ રીતે અને તીવ્ર સંવેદનશીલતાથી વંચાશે તો વાચકના વ્યકિતત્વમાં જબરૂ પરિવર્તન આવવાનો અનુભવ થશે. નિરાશા હશે તો પ્રચંડ ઉત્શાહ અનુભવાશે. કશુંક સર્જનાત્મક કરવાની તીવ્ર તમન્ના જાગશે.

તિહાર જેલમાં જે હતું, શું સજાર્યું અને જે પ્રગટયું તેનો વાસ્તવિક ચિતાર આપણને મળે છે. ગુજરાતી ભાષામાં પુસ્તકને અનુવાદ કરનાર હરેશ ધોળકિયા અને પ્રકાશક પણ અભિનંદનને પાત્ર છે.

બી.જે. અંકુયા
ઈન્ચાર્જ લાઈબ્રેરિઅન

સૂરત તારી શી સુરત જનો કહાંના લલચાવ્યા !
ફિરંગી ને અંગ્રેજ, વલંદા ફ્રાંસિસ આવ્યા.

નર્મદ

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

**Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat. Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com